| Innovation ID | DTP0010000002681 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | પશુને વલો (Ephemeral Fever) |
| Category | પશુ સંવર્ધન |
| Notebook Number | Lok(૪)૨, April-૧૯૯૯, pg.no-૬ |
| Brief | પશુને વલો (Ephemeral Fever) થાય ત્યારે સીસમ (Dalbergia sissoo) નું લાકડુ, લસણ (Allium sativum)નો ઉપયોગ |

**Detail**

વલો (Ephemeral Fever) એક જાતનો તાવ છે. વલો રહેબ્ડો નામના વિષાણુથી થતો રોગ છે. પશુને ત્રણ દિવસ સુધી ઉગ્ર તાવ રહે છે. પશુના પગના સાંધા જકડાઈ જાય છે અને ગમાણમાં બેસી રહે છે. જાનવર ગમે તે એક પગે લંગડાતુ ચાલે છે અને લંગડાવાનું એક પગેથી બીજે પગે બદલાય છે. દુધાળા પશુનું દૂધ ઉત્પાદન એકાએક ઘટી જાય છે. ગાય-ભેંસના નસકોરા સૂકા દેખાય છે.
સરતાનપુર ગામના અમરૂબેન બારૈયા ભેંસને વલો થાય ત્યારે સીસમ(Dalbergia sissoo) નું લાકડું બાળી તેનો ધુમાડો પશુના નસકોરામાં આપે છે. જેનાથી પશુને આરામ થાય છે. આ ઉપરાંત, લસણ (Allium sativum) નો છુંદો કરી, ૧૦૦ ગ્રામ સવારે અને ૧૦૦ ગ્રામ સાંજે એક બે દિવસ સુધી પશુના શરીર પર લગાડવામાં આવે છે. આ પ્રમાણે પશુની સારવાર કરવાથી પશુને વલો મટી જાય છે.

(સીસમ(Dalbergia sissoo) ના લાકડાની વરાળ ઉપરાંત જેઠી મધ (Glycyrrhiza glabra), ગુગળ(Commiphora mukul) અને અશ્વગંધા (Withania somnifera) નો ઉપયોગ કફ સંધિવારોધક તરીકે વલોના ઉપચારમાં ફાયદાકારક નીવડે છે.

નેપ્રાલર્ટ ડેટાબેઝ અનુસાર સીસમ(Dalbergia sissoo) ના પાંદડાની લુગદી ઉનાળાની ગરમીના હુમલા સામે ઉપયોગી છે.

સંદર્ભ : Sing K K & Maheswari (૧૯૯૪) Int. J. Pharmaeog ૩૨(૧) : ૫૧-૫૮

| | |
|---|---|
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | સીસમ(Dalbergia sissoo) નું લાકડુ, લસણ(Allium sativum) |
| IPR Status | |
| Keywords | પશુ, વલો, Ephemeral Fever, સીસમ, Dalbergia sissoo, લાકડુ, લસણ, Allium sativum, ભાવનગર |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૬૧૩ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | અમરૂબેન | Middle Name | એસ. | Last Name | બારીયા |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. સરતાનપુર, ખાસસી, બંદરરોડ | Taluka | તળાજા | | |
| District | Bhavnagar | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૬૧૪ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | કંકુબેન | Middle Name | ટેબાભાઈ | Last Name | ડોડિયા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | Taluka | | | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002730 | Sr No : 2 |
|---|---|---|
| Innovation Title | ચામડું પકવવા | |
| Category | અન્ય | |
| Notebook Number | lok (૩) ૨, Mar- Apr- ૧૯૯૮, Pg No. ૬ | |
| Brief | ચામડું પકવવા માટે આકડા (Calotropis procera)નું દૂધ, આવળ (Cassia auriculata) અને જવાસી (Alhagi pseudalhagi)નો ઉપયોગ | |
| Detail | મરેલા પશુના ચામડાને ઉતારી તેને વપરાશ યોગ્ય બનાવવા માટે ચર્મકારો પોતાની કોઠાસૂઝથી અલગઅલગ પદાર્થોનો ઉપયોગ કરે છે. અમરેલી જીલ્લાના કુંકાવાવ તાલુકાના લાખાપદાર ગામના ગીરઘરભાઇ વાઘેલા આકડાનું દૂધ આવળ અને જવાસી ( Alhagi pseudalhagi) નામની વનસ્પતિના પાનના ભૂકાનો ઉપયોગ કરી ચામડું વપરાશ લાયક બનાવે છે.<br>મૃત પશુના શરીર પરથી ચામડું લાવીને તેના પર જરૂર મુજબ મીઠું ઘસવામાં આવે છે . ત્યારબાદ ચામડાને કુંડમાં નાખવામાં આવે છે. કુંડના અને ચામડાના માપને આધારે બે કિલો જેટલી આવળ (Cassia auriculata)ની છાલ અને પાનનો ભૂકો અને અડધો લીટરથી એક લીટર જેટલું આંકડા (Calotropis gigantea)નું દૂધ આ બધુ જ કુંડમાં નાખ્યા બાદ પાણી ઉમેરવામાં આવે છે. આ પાણી આઠ થી દસ દિવસે બદલી ફરી થી ઉપર મુજબ પદાર્થો ભેળવી આઠ દિવસ સુધી રાખી ફરી ઉપર મુજબની પ્રકીયા એક મહિના દરમ્યાન કરે છે. લગભગ ત્રણેક વખત આમ કર્યા પછી ચામડાને કુંડમાંથી કાઢી આઠ દિવસ રહેવા દઇ ચામડાને બરાબર છોલીને ઉપયોગમાં લઇ શકાય છે.<br>અમુક લોકો ઝડપથી ચામડું પકવવા માટે હવે ચુનાનો પણ ઉપયોગ કરે છે.<br>(નેપ્રાલર્ટ ડેટાબેઇઝમાં જણાવ્યા અનુસાર આવળના પાનમાં ટેનીન હોવાથી ચામડું પકવવામાં ઉપયોગી છે.)<br><br>(નોંધઃ- આ પદ્ધતિ ૨, મે ૨૦૦૬માં રીચેક કર્તા જણાવા મળ્યું કે આ પદ્ધતિ વિશે ગામમાં કોઈ વ્યક્તિ જાણતાં નથી. - મહેન્દ્ર બી. વાઘેલા) | |
| Method of Use | | |
| Caution | | |
| Benefit | | |
| Condition | | |
| Material Used | આકડા (Calotropis procera)નું દૂધ, આવળ (Cassia auriculata) અને જવાસી (Alhagi pseudalhagi) | |
| IPR Status | | |
| Keywords | ચામડું, પકવવું, આકડો, Calotropis gigantea, દૂધ, આવળ, Cassia auriculata, જવાસી, Alhagi pseudalhagi, ભાવનગર | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૫૧૬ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | તુલસીભાઈ | Middle Name | જીવણભાઈ | Last Name | ગોહિલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. સોસીયા, પો. જસાપર | | | Taluka | તળાજા |
| District | Bhavnagar | State | Gujarat | Country | India |

Biography

ઉત્તરદાતાની ઉંમર ૩૨ વર્ષની છે. તેમના પત્નિ જોમાબહેનની ઉંમર ૩૦ વર્ષની છે. તેમને ૨ દિકરી અને ૨ દિકરા છે. તેમની પાસે જમીન નથી. તેઓ છૂટક મજૂરી કરે છે. તેઓ પહેલા ભાગવી જમીન ખેડતા હતા. હાલમાં છૂટક મજૂરીથી અમારૂ જીવન જીવી રહ્યા છીએ.

ગામનો પરિચય:-
સોસીયા ગામ ભાવનગર જિલ્લામાં આવેલું છે. તળાજા તાલુકાથી આશરે ૩૦ કિલોમીટર દૂર આવેલું છે. આ ગામમાં ૩૫૦૦ની વસ્તી છે. ગામમાં કુલ ૮૦ ટકા શિક્ષણનું પ્રમાણ છે. ગામમાં બાલમંદિર, પ્રાથમીક શાળા, દૂધ મંડળી, સહકારી મંડળી તથા ટેલીફોનની વ્યવસ્થા છે. ગામમાં લીમડો, વડ, પીપળ અને આંબલી જેવા વૃક્ષો થાય છે. અહીંની જમીન ફળદ્રુપ અને કાળી છે. પિયતની વ્યવસ્થા તરીકે નહેર, કૂવો, ટયુબવેલ પણ છે. ગામમાં ઘઉં, બાજરી, મકાઈ, મગફળી, આંબો જેવા પાકો થાય છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૬૫૩ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | રાઘવ | Middle Name | એચ | Last Name | ગોહિલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. સોસિયા, પો.જસપરા, વાયા. તણસા | | | Taluka | તળાજા |
| District | Bhavnagar | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૦૨ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | મહેન્દ્ર | Middle Name | બી. | Last Name | વાઘેલા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. ઉધરોઝપુરા | | | Taluka | માંડલ |
| District | Ahmadabad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002850 | Sr No : 3 |
|---|---|---|

**Innovation Title** ભૂગર્ભનું વહેણ પારખવું/પાણીનો જથ્થો નક્કી કરવો

**Category** અન્ય

**Notebook Number** lok(૫) ૩, may-jun-૨૦૦૦, Pg No. ૫

**Brief** ઉધઈના રાફડા પરથી શિયાળામાં જમીન પર ચાલતા ચાલતા જમીનની ગરમી અને હવામાન પરથી ભૂગર્ભ જમીનના પાણીના જથ્થાની પરીક્ષા કરવી.

**Detail** કૂવો અથવા ટ્યુબવેલ ક્યાં બનાવવો ? આ માટે ખેડૂતો અવનવી પ્રાચીન પદ્ધતિઓ અજમાવતા હોય છે. વળી, મોટાભાગની રીતો પ્રાકૃતિક સંકેત ઉપર આધારિત હોય છે.
તળાજા તાલુકાના જીવણભાઈ ગોહીલના જણાવ્યા અનુસાર, જે જમીનમાં ઉધઈ પોતાનો રાફડો બનાવવા જમીનમાંથી ભેજવાળી માટી ઉપર લાવી બનાવે છે. એટલું જ નહીં, ત્યાં રાફડો બનાવવાથી કુદરતી રીતે જ વાતાનુકૂલિત રહે છે જે તેના રહેઠાણ માટે શ્રેષ્ઠ જગ્યા હોય છે. ખેડૂત પોતાના સૂક્ષ્મ અવલોકન આધારે જણાવે છે કે, શિયાળાની મોડી રાત્રે જમીન ઉપર ખુલ્લા પગે ચાલતા હોઈએ ત્યારે અમુક સ્થળે ગરમ પવનની અનુભૂતિ થાય છે. આનો અર્થ એ થયો કે ભૂગર્ભમાં જ્યાં પાણીનો પ્રવાહ વહેતો હોય ત્યાં જમીન ઉપર શિયાળામાં ગરમીનો અનુભવ થાય છે. આ પદ્ધતિની સૂઝ બધા ખેડૂતોને હોતી નથી. પરંતુ કેટલીક કોઠાસૂઝ ધરાવતી વ્યક્તિઓ જ આ પદ્ધતિ જાણતા-અનુભતા હોય છે.

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used**

**IPR Status**

**Keywords** ભૂગર્ભ, વહેણ, પાણી, જથ્થો, હવામાન, પાણી, ઉધઈ, રાફડો, શિયાળો

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૫૩ | Member Type | Scout | | |
| First Name | રાઘવ | Middle Name | એચ | Last Name | ગોહિલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. સોસિયા, પો.જસપરા, વાયા. તણસા | Taluka | તળાજા | | |
| District | Bhavnagar | State | Gujarat | Country | India |
| Biography | | | | | |
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૭૩૫ | Member Type | Innovator | | |
| First Name | જીવણભાઈ | Middle Name | ભીખાભાઈ | Last Name | ગોહિલ |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ, સોસીયા, વાયા-તણસા | Taluka | તળાજા | | |
| District | Bhavnagar | State | Gujarat | Country | India |
| Biography | | | | | |